દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખેલ જગ્યાઓ પર કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા મળેલ પેટા તજજ્ઞ સમિતિની તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

---

ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે બેઠક મળેલ. બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષ્ચર-૧ મુજબ છે. અ.મુ.સ.શ્રી(સા.ન્યા) એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ હાજર રહેલ સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા શરૂ કરવામાં આવેલ.

**એજન્ડા નં. ૧** :- સામાન્ય વહીવટ વિભાગ હેઠળની નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી હસ્તકના કુલ ૪(ચાર) સંવર્ગોમાં દિવ્યાંગતા નક્કી કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

- કાર્યવાહી: **સામાન્ય વહીવટ વિભાગ** તરફથી કોઇ અધિકારી બેઠકમાં હાજર રહેલ ન હોઇ, દરખાસ્ત પર ચર્ચા થઇ શકેલ નથી.

**એજન્ડા નં. ૨** :- માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ગુજરાત ઇજનેરી સેવા, (સિવિલ)ના ૪ સંવર્ગો તથા ગુજરાત ઇજનેરી સેવા, (વિદ્યુત)ના ૪ સંવર્ગોમાં દિવ્યાંગતા નક્કી કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

- કાર્યવાહી: **માર્ગ અને મકાન વિભાગ** તરફથી કોઇ અધિકારી બેઠકમાં હાજર રહેલ ન હોઇ, દરખાસ્ત પર ચર્ચા થઇ શકેલ નથી.

**એજન્ડા નં. ૩** :- બંદરો અને વાહનવ્યવહાર વિભાગ હસ્તકના કંડક્ટર સંવર્ગમાં ભારત સરકાર દ્વારા માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી Hard of Hearing અને Acid Attack Victim સિવાયની અન્ય કોઇ દિવ્યાંગતા માન્ય રાખી શકાય તેમ ન હોય, દિવ્યાંગતા માન્ય રાખવામાંથી મુક્તિ આપવાની દરખાસ્ત પર તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

- કાર્યવાહી:- બંદરો અને વાહનવ્યવહાર વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા કંડક્ટર સંવર્ગ માટે Hard of Hearing અને Acid Attack Victimને માન્ય રાખવા તથા અન્ય દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવા રજૂઆત કરવામાં આવી. તજજ્ઞ સમિતિ દ્વારા HH તથા AAV સિવાય અન્ય દિવ્યાંગતાના પ્રકારોને પણ ધ્યાને લેવા વિચારણા કરવામાં આવી તથા નીચે મુજબની દિવ્યાંગતાને માન્ય રાખવા મંજૂરી આપી.

| બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | કંડકટર | 3 | ૧૬૭૫૬ | - | HH | AAV | - | LV (40-70)% | HH (40-70)% | LC, AAV | MI(40-70)%, |

**એજન્ડા નં. ૪** :- અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ હેઠળની નિયંત્રક, કાનુનીમાપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક સુરક્ષા કચેરી હસ્તકના મદદનીશ નિયંત્રક (વર્ગ-૨), સીનિયર નિરીક્ષક (વર્ગ-૩) તથા જુનિયર નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા.

- કાર્યવાહી:- અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના નાયબ સચિવશ્રી દ્વારા તેમના દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત પર પુન: વિચારણા કરી દરખાસ્ત મોકલવાનું જણાવેલ હોઇ, તજજ્ઞ સમિતિ દ્વારા અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગને પુન: દરખાસ્ત કરવા અંગે મંજૂરી આપવામાં આવી.

**એજન્ડા નં. ૫** :- વન અને પર્યાવરણ વિભાગ હસ્તકના કુલ-૬ સંવર્ગોમાં દિવ્યાંગો માટે ૪ ટકા અનામતમાંથી મુક્તિ આપવાની દરખાસ્ત પર તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

- કાર્યવાહી:- વન અને પર્યાવરણ વિભાગ દ્વારા નીચે દર્શાવેલ તમામ સંવર્ગોને વિકલાંગ ધારો, ૧૯૯૫ હેઠળ મુક્તિ મળેલ હોઇ, દિવ્યાંગતા માન્ય રાખવામાંથી મુક્તિ આપવા રજૂઆત કરવામાં આવી તથા ભારત સરકારમાં આ સંવર્ગોને સમાન પ્રકારના સંવર્ગો ન હોવાનું જણાવ્યુ. તજજ્ઞ સમિતિ દ્વારા ઉક્ત સંવર્ગોમાં નીચે મુજબની દિવ્યાંગતા માન્ય રાખવામાં આવી.

| વન અને પર્યાવરણ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | વનરક્ષક | 3 | ૩૯૦૫ | મુક્તિ અંગે દરખાસ્ત | | | | - | - | LC, AAV | - |
| ૨ | વનપાલ | 3 | ૧૭૬૮ | | | | | - | - | LC, AAV | - |
| 3 | પરીક્ષેત્ર વન અધિકારી | ૨ | ૫૨૦ | | | | | - | - | LC, AAV | - |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | મદદનીશ વન સંરક્ષક | ૨ | ૧૩૦ | કરેલ છે. | - | - | LC, AAV | - |
| ૫ | સર્વેયર | ૩ | ૧૪૪ | | - | - | LC, AAV | - |
| ૬ | પરીક્ષેત્ર વન અધિકારી (સર્વે) | ૩ | ૨૯ | | - | - | LC, AAV | - |

<u>એજન્ડા નં. ૬</u> :- <u>શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ</u> હસ્તકના કુલ-૫ સંવર્ગોમાં દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવી/ અનામતની જોગવાઇમાંથી અંશતઃ મુક્તિ આપવાની દરખાસ્ત પર તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

- <u>કાર્યવાહી</u>:- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા દરખાસ્તમાં દર્શાવેલ પાંચ સંવર્ગોની કામગીરી પ્રમાણેની સંવર્ગ ભારત સરકારની સંવર્ગોમાં ન મળેલ હોવાનું જણાવેલ પરંતુ ભારત સરકારમાં ઉક્ત સંવર્ગોની કામગીરીને સમાન ગણી શકાય પરંતુ થોડી અલગ પડતી હોઇ, અમુક દિવ્યાંગતા માન્ય રાખવામાંથી મુક્તિ આપવાની રજૂઆત તજજ્ઞ સમિતિ સમક્ષ કરવામાં આવી. તજજ્ઞ સમિતિ દ્વારા નીચે દર્શાવેલ સંવર્ગોની કામગીરી તથા અધિક્રમ (hierarchy)ને અને હાજર અધિકારીઓની રજૂઆત ધ્યાને લઇ, નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

| ક્રમ | પોસ્ટનું નામ | વિભાગની દરખાસ્ત | | | | તજ્જ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | નાયબ શ્રમ આયુક્ત | LV | HH | OA, OL, LC, Dw, AAV | SLD | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૨ | મદદનીશ શ્રમ આયુક્ત | LV | HH | OA, OL, LC, Dw, AAV | SLD | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૩ | સરકારી શ્રમ અધિકારી | LV | HH | OA, OL, LC, Dw, AAV | SLD | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૪ | અધીક્ષક | LV | HH | OA, OL, LC, Dw, AAV | - | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૫ | મદદનીશ સરકારી શ્રમ અધિકારી | LV | HH | OA, OL, LC, Dw, AAV | - | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |

**એજન્ડા નં. ૭** :- નાણાં વિભાગ હસ્તકના કુલ-૫ સંવર્ગોમાં દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવી/ અનામતની જોગવાઇમાંથી અંશતઃ મુક્તિ આપવાની દરખાસ્ત પર તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

➢ કાર્યવાહી:- નાણાં વિભાગ દ્વારા નીચે દર્શાવેલ પાંચ સંવર્ગોમાં અમુક દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવા રજૂઆત કરવામાં આવી. નાણાં વિભાગની રજૂઆત તથા નીચે દર્શાવેલ સંવર્ગોના અધિક્રમ (hierarchy)ને તથા અધિકારીઓની રજૂઆત ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

નાણાં વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | સહાયક રાજ્ય વેરા કમિશનર | ૧ | ૧૯૦ | LV | D, HH | OA, OL, OAL, LC, Dw, AAV, MDy | MD | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | ASD (M, MoD) MI(40-70)%, MD(40-70)% |
| ૨ | રાજ્યવેરા અધિકારી | ૨ | ૩૭૯ | LV | D, HH | OA, OL, OAL, LC, Dw, AAV, MDy | MD | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | ASD (M, MoD) MI(40-70)%, MD(40-70)% |
| 3 | રાજ્યવેરા નિરીક્ષક | 3 | ૧૫૦૨ | LV | D, HH | OA, OL, OAL, LC, Dw, AAV, MDy | MD | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | ASD (M, MoD) MI(40-70)%, MD(40-70)% |
| ૪ | સીનીયર કારકુન | 3 | ૪૨૫ | LV | D, HH | OA, OL, OAL, LC, Dw, AAV, MDy | MD | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | ASD (M, MoD) MI(40-70)%, MD(40-70)% |
| ૫ | જુનિયર કારકુન | 3 | ૧૧૫૬ | LV | D, HH | OA, OL, OAL, LC, Dw, AAV, MDy | MD | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | ASD (M, MoD) MI(40-70)%, MD(40-70)% |

**Code and functional classification**:- Blind (**B**), Low vision (**LV**) **(40-70)%**, Deaf (**D**), [Hard of hearing(**HH**) **(40-70)%**], [Locomotor disability (**LD**) :- **OA**(one arm), **OL**(one leg), **BA**(both arm), **BH**(both hands), **OAL**(one arm one leg) , **BLA** (both legs and arms) , **BLOA** (both legs one arm), **OABL** (one arm both legs), **BAOL** (both arms one leg), **BABL** (both arms both leg), **OAOL**(one arm one leg) ], Cerebral palsy (**CP**), Leprosy

cured **(LC)**, Dwarfism **(Dw)**, Acid attack victim**(AAV)**, Muscular dystrophy **(MDy)**, Intellectual disability **(ID)**, Specific learning disability **(SLD)**, Mental illness **(MI)**, [Autism Spectrum Disorder **(ASD) M**-Mild, **MoD**-Moderate],
[Multiple Disabilities **(MD) :- (**Disabilities included in group **(A)** to **(D) ) (40-70)%].**

અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)એ બેઠક સમાપ્ત કરી.

(પ્રકાશ સોલંકી)
નિયામક
સમાજ સુરક્ષા ખાતું.

(તેજસ એચ. સોની )
નાયબ સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

(ડી.બી.પરમાર)
સંયુક્ત સચિવ (સ.સુ., રોસ્ટર)
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(વી.જે.રાજપુત)
કમિશનર,
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

(સુનયના તોમર)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

## એનેક્ષ્ચર-૧

તજજ્ઞ સમિતિની તા.૦૫/૦૦૫/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકમાં સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી.

1. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (અધ્યક્ષ).
2. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
3. સંયુક્ત સચિવશ્રી, (સ.સુ., રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
4. નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ.
5. નિયામકશ્રી, સમાજ સુરક્ષા.

બેઠકમાં બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ તથા નાણાં વિભાગના સંબધિત અધિકારીઓ ઉપસ્થિત રહેલ હતાં.